ગુજરાત ગાર્ડિયન

Surat 18 September, 2017

# ધરમપુરના શ્રીમદ્ રામચંદ્ર લવ એન્ડ કેરને સ્પિરિટ ઓફ હ્યુમાનિટી એવૉર્ડ એનાયત

## આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ મુંબઈ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સન્માન

**ધરમપુર, તા.૧૭**

ધરમપુરના શ્રીમદ્ રામચંદ્ર લવ એન્ડ કેરને સ્પિરિટ ઓફ હ્યુમાનિટી એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ અપાયો હતો.

૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના દિવસે મુંબઈમાં યોજવામાં આવેલા એક દબદબાભર્યા સમારંભમાં '૮મો સ્પિરિટ ઓફ હ્યુમાનિટી એવૉર્ડ' ના વિતરણના કાર્યક્રમનું આયોજન થયું હતું. ઘણી ચેરિટેબલ સંસ્થાઓની સ્પર્ધા વચ્ચે ''શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર'' ને તેના આરોગ્ય ક્ષેત્રના સફળ પ્રયાસો બદલ ખાસ કરીને તેના 'હેલ્થ કેર ૩૬૦ ડીગ્રી પ્રોગ્રામ' માટે '૮મો સ્પિરિટ ઓફ હ્યુમાનિટી એવૉર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

વિકાસના ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર સંસ્થાને નવાજવા 'ધ સ્પિરિટ ઓફ હ્યુમાનિટી એવૉર્ડ' અમેરીકેર ઈન્ડિયા તરફથી આપવામાં આવે છે. અમેરિકેર ઈન્ડિયા એક આરોગ્યલક્ષી સંસ્થા છે. તેઓ આ એવૉર્ડ દ્વારા ચેરીટેબલ સંસ્થાઓ માટે CSR પ્રોફેશનલ્સ, આરોગ્ય સંસ્થાઓના વડાઓ અને અન્ય માનનીય જ્યૂરી સભ્યો સમક્ષ તેમની આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ દર્શાવવા, પ્રતિસાદ મેળવવા અને માન્યતા પ્રાપ્ત કરવા ખૂબ સારું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર (SRLC) એ મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કાર્યરત સમાજકલ્યાણના કાર્યોને આવરી લેતું એવું અભિયાન છે કે જેમાં મનુષ્યજાતિ, પ્રાણીજગત અને પર્યાવરણ એટલે કે જીવમાત્રને શાતા અને સેવા પહોંચાડવા દસ પ્રકારની સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અભિયાનમાં અત્યંત પ્રેરિત સ્વયંસેવકો સહાનુભૂતિ, પ્રેમ અને કાળજીથી વિશ્વભરના ૫૦થી વધુ શહેરોમાં સમાજ કલ્યાણના કાર્યો કરે છે, જેનાથી લાખો જરૂરિયાતમંદ લોકો લાભાન્વિત થયા છે. તેના મહત્તમ પ્રયત્નો દક્ષિણ ગુજરાતની પ્રજાનાં ઉત્કર્ષ માટે ચાલી રહ્યા છે. તેની પ્રવૃત્તિઓમાં આરોગ્ય સેવા, શૈક્ષણિક સેવા, બાળ સેવા, મહિલા સેવા, આદિવાસી સેવા, સમાજ સેવા, માનનીય સેવા, સંકટસહાય સેવા, પ્રાણી સેવા તથા પર્યાવરણસુરક્ષા સેવા જેવી દસ પ્રકારની સેવાઓનો સમાવેશ થાય છે. વળી, દરેક સેવા અંતર્ગત વિવિધ યોજનાઓ ઘડવામાં આવી છે કે જેથી સૌ કોઈ સુધી આ સેવાનો લાભ વિસ્તરી શકે.